**ફોજદારી કેસ નં.** CC/42812/2018

## ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ.૨૫૮ અન્વયે આંક–૧ તળે હુકમ

સદર કેસનું રેકર્ડ વંચાને લેતા આરોપીનં. સામેનો હાલનો આ કેસ બહુ જુનો છે અને આરોપીને ઘણા લાંબા સમય થી પ્રોસીકયુશન કોર્ટ સમક્ષ હાજર કરી શકેલ નથી. આરોપીને કોર્ટ સમક્ષ લાવવા માટે યોગ્ય પ્રયત્નો થયેલ હોવાનું જણાઈ આવે છે. કેસનુ રેકર્ડ જોતા તથા રોજકામ વંચાણે લેતા આ કામમાં અગાઉ અસંખ્ય વાર આરોપી સામે પ્રોસેસો કઢાયેલ છે તથા તે પ્રોસેસો પોલીસે બજેલ કે વગર બજેલ પરત કરેલ નથી. આમ પોલીસની બજવણીમા નિષ્ક્રીય ભુમિકા જણાય છે તથા નજીકના ભવિષ્યમા આરોપી મળી આવે તેમ નથી તથા હાલનો કેસ તે પોલીસ કેસ તથા સમંસ કેસ છે તથા ઘણો જુનો કેસ જણાય છે આ સંજોગોમા ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૮ નો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### આખરી હુકમ

આ કેસનુ પ્રોસિડીંગ ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૮ મુજબ આરોપી નં. સામે હાલના તબક્કે સ્ટોપ કરવાનો હુકમ કરવામા આવે છે તથા આરોપીને સદરહુ કેસમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવે છે, જો આરોપી ભવિષ્યમાં મળી આવે કે નીકળે તો તેની સામે ક્રી.પ્રો.કોડની કલમ ૩૦૦ (૫) મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

અપીલ સમય પુરો થયે મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૦ માહે જુલાઈ ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

(એમ. એચ. વાઘેલા)
છઠ્ઠા એડિશનલ સિવિલ જજ અને
જયુડીશીયલ મેજિસટ્રેટ ફ.ક., સુરત.
Unique ID No.GJ01339